### સરદાર પટેલ જન્મ જયંતી નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસ ઊજવાયો

# IITGn ખાતે રન ફોર યુનિટી યોજાઇ

લોખંડી પુરુષ સરદાર પટેલની જન્મ જયંતી નિમિત્તે સમગ્ર રાજ્યમાં વિવિધ કાર્યક્રમો થઇ રહ્યાં છે ત્યારે આઇ.આઇ.ટી. ગાંધીનગર ખાતે પણ સરદાર વલ્લભભાઇ પટેલ રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઊજવવામાં આવ્યો હતો. જેમાં સ્ટાફ ફેકલ્ટી અને સ્ટુડન્ટ્સે પાર્ટિસિપેટ કરી રાષ્ટ્રીય એકતા દિવસની શપથ લીધી હતી. આ પ્રસંગે પ્રોફેસર મધુમીતા સેને સરદાર પટેલ પ્રાસંગિક ટોક આપી હતી. સાથે જ રન ફોર યુનિટીમાં૨૫૦ જેટલા સ્ટુડન્ટ્સે પાર્ટિસિપેટ કરી ૨.૫ કિ.મી. સુધી દોડ લગાવી હતી. ઉપરાંત તા, ૨૯થી ૩ નવેમ્બર સુધી કેમ્પસમાં



વિજિલન્સ અવેરનેસ વીકની ઉજવણી કરાશે. દેશભરમાંથી કરપ્શનને ઉખેડી ફેંકવા માટે સ્ટુડન્ટ્સ અને ફેકલ્ટીએ શપથ લીધા હતાં. તા, ૨જી નવેમ્બરે ગ્રૂપ ડિસકશન અને ૩જી નવેમ્બરના રોજ પાલજ ગામમાં અવેરનેસ કાર્યક્રમ યોજાશે.

**Title:** Run for Unity organized at IITGN
**Source:** Sandesh (City Life, Page no. 4)
**Link:** https://sandeshepaper.in/m/223053/5bda10d976417
**Date:** 01-11-2018